

ભુલાયેલું પાનું ઈતિહાસનું


– મુ. કેવલ્યયોગ વિ.

પૂ.આ.ભ.શ્રી ૐકારસૂરીશ્વરજી મહારાજાની
જન્મશતાબ્દી વર્ષમાં પ્રગટ થતાં

-: આ ગ્રંથના લાભાર્થી :-

N.V.N. Gems મહેતા વસંતલાલ કીર્તિલાલ (વાવ)
વીરવાડીયા વાઘજીભાઈ પોપટલાલ (વાવ-ભાટવર)
મહેતા અજિતભાઈ કીર્તિલાલ (વાવ)

ભુલાયેલું પાનું ઈતિહાસનું



દ. મુ. કેવલ્યયોગ વિ.
(પૂ. બાપજી મ.સા. સમુદાય)



નામ :- ભૂલાયેલું પાનું ઈતિહાસનું

લેખક :- મુનિ કૈવલ્યયોગ વિજય મ.

પ્રકાશક :- ૐકારસૂરિ જ્ઞાનમંદિર-ગોપીપુરા

મૂલ્ય :- ૧૫૦ રૂા., આવૃત્તિ :- પ્રથમ, વિ.સં. ૨૦૭૯, ઈ.સ. ૨૦૨૨

: પ્રાપ્તિસ્થાન :

સેંવતીભાઈ મહેતા
શ્રી ૐકારસૂરિ આરાધના ભવન, ગોપીપુરા, સુરત મો. ૯૮૨૪૧ ૫૨૭૨૭.

નિર્વેદ દોશી
ડી-૩૦૩, વાસુદર્શન રેસિડેન્સી, શ્રીૐકારસૂરિ આરાધનાભવનની સામે, R.T.O રોડ, અડાજણ, પાલ-સુરત. મો. ૭૯૯૦૭ ૨૩૦૦૧.

નવભારત સાહિત્ય મંદિર
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧. ફોન : (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

મુદ્રક : ભરત ગ્રાફિક્સ

એ-૨૧૨, સુમેલ-૯, મહેશ્વરી એસ્ટેટ પાસે, દુધેશ્વર રોડ, શાહીબાગ, અમદાવાદ-૪.

મો. ૮૯૦૫૮૫૧૯૮૮, ૯૯૨૫૦૨૦૧૦૬. e-mail : bharatgraphics1@gmail.com

સમર્પણમ્

સમર્પણમ્

જેમના શુભ આશિષથી
આ વિષય પર લખવાની ઈચ્છા થઈ.
જેમને આ વિષય પર લખાવ્યું,
જ્યાં જ્યાં અટક્યો
ત્યાં પરોક્ષ સહાય કરી ઉત્સાહિત કર્યો.
તે પ્રાતઃ સ્મરણીય
તપાગચ્છગગનમણિ સાંપ્રતકાલીન શ્રમણ
સંઘના મહાન્ સૂત્રધાર

પૂ.પં. શ્રી મણિવિજયજી દાદાના

કરકમલમાં
આ નાનકડું ફૂલ અર્પણ કરું છું.



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી સિદ્ધિ–ભદ્ર–ૐકાર–અરવિંદ–યશોવિજય–જિનચન્દ્ર વિ. ગુરુભ્યો નમઃ ॥

આચાર્ય મુનિચન્દ્રસૂરિ

'ઇતિહાસ' શબ્દની વ્યુત્પત્તિ ઇતિ-હ-આસ = આ પ્રમાણે હતું એ પ્રમાણે થાય છે.

ખેદની વાત છે કે સ્વાર્થી રાજકારણીઓએ ઇતિહાસને વિકૃત કર્યો છે.

અંગ્રેજોએ ભારતીય લોકોને હીન અને નીચા દેખાડવા ઇતિહાસને વિકૃત કર્યો.

સામ્યવાદી માન્યતા ધરાવતા ઇતિહાસકારોએ ધર્મ અને ધાર્મિકોને બદનામ કરવાના કુટીલ પ્રયત્નો કર્યા.

પરિણામે સ્વાતંત્ર્યની ચળવળને 'બળવો' કહી બદનામ કરવામાં આવી. સ્વાતંત્ર્યવીરોને 'લુંટારા' કહેવામાં આવ્યા.

ઇતિહાસને સાચવતા અસલી દસ્તાવેજોને પ્રતિબંધિત - ગુપ્ત કરવામાં આવ્યા.

વર્ષો પછી આ પ્રતિબંધ હળવો થાય છે ત્યારે સાચો ઇતિહાસ જાણવાની તક ઉભી થાય છે. આવા હજારો ઐતિહાસિક દસ્તાવેજો કોઇકની છાનબીનની રાહ જોઇ રહ્યા છે.

મુનિ કૈવલ્યયોગવિજયએ ઇતિહાસના તથ્યો ઉજાગર કરવાનો નાનકડો પ્રયત્ન કર્યો છે.

આપણો ઇતિહાસ વાસ્તવમાં આપણે ગૌરવ લઇ શકીએ તેવો છે. છુપાયેલા ઇતિહાસને પ્રગટ કરવા મરજીવાઓ આગળ આવે ઇતિહાસના તથ્યો તપાસી અસલ ઇતિહાસને પ્રકાશમાં લાવે એજ અભિલાષા.

આચાર્ય વિજય મુનિચન્દ્રસૂરિ

ઈતિહાસનું દસ્તાવેજી આલેખન

ઈતિહાસને જીવંત રાખવાની જે પ્રસિદ્ધ પદ્ધતિઓ છે તેમાં મુખ્ય બે-ત્રણ છે.

(૧) ઐતિહાસિક પ્રસંગોના શિલાપટ્ટ કે વિશાળ ચિત્રપટ્ટ બને ને સ્થાને સ્થાને લાગે તો ઈતિહાસ જીવંત રહે.

(૨) વાર્તાઓ રૂપે તે લોકમુખે બોલાયા કરે-ગવાયા કરે.

(૩) દસ્તાવેજી રૂપે તેના ાલેખન થાય, તેને સુરક્ષિત રાખીને પણ વારંવાર પ્રસારવામાં આવે.

(૪) ફિલ્મો કે નાટકોમાં રૂપાંતરિત કરી તેને લોકહૃદય સુધી પહોંચાડવામાં આવે.

આ ચારે પદ્ધતિઓ પોતપોતાની રીતે પ્રભાવશાળી છે. સમયે સમયે જુદી-જુદી વાત માટે ત યોજાતી રહી છે.

જો કે આમાં બીજી રીતે વિચારીએ તો શિલા કે ચિત્રપટ્ટના અર્થઘટનો બદલાઈ જવાની સંભાવના ખૂબ મોટી છે. ઉદા. આજે રાણકપુરના શિલ્પોને ત્યાંના લેભાગુ તત્ત્વો ૩૩ કરોડ દેવતાઓના નામે વર્ણવે છે.

લોકમુખે વહેતી વાત જીવંત તો ચોક્કસ રહે, પરંતુ તેમાં ફેરફારો થતા રહેવાના, લોકજીભે ચાલતી વાતના શબ્દો, સંવાદો, સંદર્ભો પરિવર્તનશીલ હોય છે. ઉદા. રામાયણ આદિની અનેક વાતો, જે બધા પોતપોતાની રીતે ગાય છે.

ફિલ્મ કે નાટકમાં કોઈપણ વ્યક્તિ કે ઘટનાને રંગ-રૂપ ચઢાવવામાં આવે છે. તેથી મૂળ વાત કરતા માળખું મોટું બનશે. છતાં જે-તે સંયોગે આ બધા પ્રકારોમાં ઈતિહાસ સચવાયો છે, પરંતુ આ બધામાં સહુથી સુરક્ષિત હોય તો તે છે - ઈતિહાસનું દસ્તાવેજી આલેખન અને સરસ રીતે તેનો પ્રસાર.

આ પુસ્તકમાં એ કાર્ય સુંદર રીતે થયું છે. મુનિશ્રી કૈવલ્યયોગવિજયજી પરિશ્રમી સાધુ છે. શાસન સાથે જોડાયેલા સુપુત્રોના જીવન કવન વિશે ઉહાપોહ કરવો તે એમનો સ્વભાવ છે. સ્વાતંત્ર્ય સંગ્રામના એ વિશાળ સમયપટ્ટ પર થયેલા જૈન વીરો, વીરાંગનાઓ, મહાપુરુષો વિશે તેઓએ સ્પષ્ટતા અને અતિશયોક્તિથી દૂર રહીને ઘટનાઓ આલેખવાનો યત્ન કર્યો છે.

એમનો આ શ્રમ સંઘના યુવાનોમાં પૂર્વજોનું, ઈતિહાસનું મૂલ્ય સ્થાપિત કરે, એટલી કામના તો સહજ થઈ આવે.

– સંયમચંદ્રવિજય મ.સા.
(પૂ. શાસનસૂરિસમ્રાટસૂરિ સમુદાય)

એક પગલું માંડ્યું ને રસ્તો દેખાયો...

વિ.સં. ૨૦૭૭ માં પૂ. મણિવિજયજી દાદાના જીવનને ખૂબ નજીકથી માણવાની તક મળી તેમાં પૂ. દાદા વિષે વધુ માહિતી મેળવવાની જિજ્ઞાસાએ ઘણું બધું જણાવ્યું એમ કહું કે દાદા સ્વયં જણાવી ગયા તો જરાપણ અતિશયોક્તિ નથી.

સર્વપ્રથમ પૂ. દાદાના સમયમાં ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ થયો તો તેના વિષે જાણવા એક યુવાન રોયલ બ્રિટીશ લાઈબ્રેરીમાં ગયો ને તેને એક પુસ્તક મળ્યું "1857 Freedom Fight of India". આ પુસ્તક રોયલ બ્રિટિશ લાઈબ્રેરી દ્વારા ઈ.સ. ૧૯૦૫માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને આજે તે લાઈબ્રેરીની બહાર લઈ જવાની મનાઈ છે, પરંતુ તેમાંથી કેટલા ફોટા પાડી તે યુવાને અમને મોકલ્યા અને આ પુસ્તક લખવા માટે પહેલી માહિતી મળી.

આટલું મળ્યા પછી ગુરુદેવ શાસ્ત્ર સંશોધક પરમ પૂજ્ય આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરિ મ.સા.ની પ્રેરણા અને સાથે રહેલા સહવર્તીની સહાય આજે પુસ્તક રૂપે પ્રગટ થઈ રહી છે.

આ લખવા માટે પ્રેરણા કરનાર ગણિવર્ય શ્રી સંયમચન્દ્ર વિ. મ.સા.નો પણ ખૂબ આભાર. જો એમને લખવા માટે પ્રેરણા ના કરી હોત તો કેમ કરતા આટલું લખી શક્યો હોત તે સવાલ છે. હું લખવાનો આળસુ માણસ પરંતુ મને સતત અપ્રમત્ત રાખી લખાવનાર પૂ. ગણિવર્યજીનો ખૂબ ખૂબ ઉપકાર રહેશે.


આ પુસ્તક ૧ મહિનાથી ઓછા સમયમાં તૈયાર કરી આપનાર તુષારભાઈ (ભરત ગ્રાફિક્સ)નો પણ ખૂબ ખૂબ આભાર.

આ પુસ્તક વાંચજો, વંચાવજો, માણજો અને ગૌરવ લેજો કે જૈનોએ આ ભારત દેશના વિકાસ,સ્વાતંત્ર્ય સંગ્રામ, સંસ્કૃતિ રક્ષામાં કેટલો ફાળો આપ્યો હતો.

પ્રભુશાસનની મહામહિમ મર્યાદાની અંશ માત્ર આશાતના થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્

દ. મુ. કેવલ્યયોગ વિ.
(પૂ. બાપજી મ.સા. સમુદાય)
આસો સુદ-૨

સ્વાતંત્ર્ય સંગ્રામમાં જૈનો




પહેલી ફાંસી કોની ?

આપણને કોઈ પૂછે કે ભારતમાં અંગ્રેજોના હાથે જે સજાઓ થઈ, અત્યાચારો થયા, અનેક ક્રાંતિકારીઓ ફાંસીએ ચઢ્યા, તેમાં સ્વાતંત્ર્ય કાજે સહુ પ્રથમ ફાંસીએ કોણ ચઢ્યું'તું ? તો શું જવાબ આપશો ? ચંદ્રશેખર આઝાદ., ભગતસિંહ ? ના, તમે ખોટા પડશો. દેશ માટે અંગ્રેજોના હાથે સર્વ પ્રથમ ફાંસીના ફંદે ચડનાર વ્યક્તિ હતી "લાલા હુકમચંદ જૈન".

ઈ.સ. ૧૮૫૭.

આ વર્ષ કાનમાં પડતાં જ આપણાં મનમાં સ્વાતંત્ર્યસંગ્રામ યાદ આવે છે. (અંગ્રેજોએ શીખવેલ શબ્દ-વિપ્લવ, બળવો)

આ સ્વાતંત્ર્યસંગ્રામમાં આપણે રાણી લક્ષ્મીબાઈ, પેશ્વા, તાત્યા ટોપે, બહાદુરશાહ ઝફર વિગેરેને ઓળખીએ છીએ. પરંતુ આ પ્રસિદ્ધ સિવાયના કેટલાંય નામો છે, જે બહુ જાણીતા ન થયા. તેઓના પ્રદાન પણ બહુ મોટા હતા.

દિલ્હીના છેલ્લા મોગલબાદશાહ અને સ્વાતંત્ર્યસેનાની એવા બહાદુરશાહ ઝફરને જ્યારે આર્થિક સંકટ આવી પડ્યું ત્યારે પ્રભુ વીરના અનુયાયી એવા લાલા હુકમચંદ જૈને ૩૦૦૦ એકર જમીન દેશ માટે ભેંટ આપી દીધી હતી. (આંકડો સમજજો, ૩૦૦૦ એકર !!!) શું આપને એમનું નામ પણ યાદ છે ? કદી સાંભળ્યું પણ છે ?

આ મદદ કરવા બદલ તા. ૧૯-૧-૧૮૫૮ના દિવસે તેઓને હરિયાણામાં ફાંસી આપવામાં આવી. ગુલામ ભારતની સર્વપ્રથમ ફાંસી. સાથે તેમના ભત્રીજા ફકીરચંદ જૈન અને મિત્ર મિર્ઝામુનીરબૈગને ઘાણીમાં પીલવાની સજા થઈ. બંને ઘાણીમાં પીલાયા. દેશ માટે ન્યોછાવર થનારા આ કાકા-ભત્રીજા બન્ને પ્રભુવીરનાં પુત્રો હતા.

આવા તો હજી ઘણા પાનાંઓ બાકી છે, ખોવાયેલા, ભૂલાયેલા.

એ પાનાંઓને ઉકેલવાની મથામણ કરતા રહીશું.

(Ref. by 1857 - Freedom Fight of India - British Library)



તસ્વીર પ્રતીકાત્મક છે.

સગા દીકરાનું મસ્તક તોપના નાળચામાં નખાય ત્યારે...

તારીખ હતી ૨૨-૬-૧૮૫૮

લાલા હુકમચંદ જૈનને ફાંસી આપ્યા પછીના પાંચ મહિને સ્વાતંત્ર્યસંગ્રામની બીજી ફાંસી આજના દિવસે અપાઈ રહી'તી.

સજા પામનાર હતા ક્રાંતિવીર અમરચંદ બાંઠીયા.

બિકાનેરના મૂળ વતની એવા આ જૈન શ્રાવક ગ્વાલિયરના રાજખજાનચી હતા.

તેમના નામે અપરાધ નોંધાયેલો - રાણી લક્ષ્મીબાઈના સૈન્યને ૧૨ વર્ષ સુધી વેતન આપવાનો. અંગ્રેજોએ મૃત્યુદંડ ફરમાવ્યો. ભારતીયોની જીંદગીનું એમને મન કોડી જેટલું ય મૂલ્ય નહોતું.

આ નરવીરોને કહેવામાં આવતું કે માફી માંગો, માફી ન માંગે તેને પ્રાયઃ મોત મળી જતું. અમરચંદ બાંઠીયાને પણ આ ઓફર થયેલી. એ વીરપુત્ર ન ઝુક્યા.

અંગ્રેજો પાસે કોઈને ઝુકાવવાની અનેક રીતો હતી.


ફાંસીના દિવસે, જીવનની અંતિમ પળોમાં એક રાક્ષસી દૃશ્ય સર્જાયું. અમરચંદજીની સામે એના દીકરાને લવાયો. કહેવામાં આવ્યું "માફી માંગો, નહીં તો તમને ફાંસી અપાશે અને તમારા દીકરાને ઉંધા માથે તોપમાં નાખી તોપ ફોડાશે." ભયાનક શરત હતી આ. ક્રૂરતાનું પિશાચી રૂપ હતું. શરત સાંભળી પર્વત જેવા બાંઠીયાજી થોડા ઢીલા પડ્યા. દીકરાએ આ જોયું અને પળવાર પણ થોભ્યા વિના એ જૈન બચ્ચાએ બુલંદ અવાજે ગર્જના કરી ''पिताजी ! अगर आपने माफी मांग ली तो मैं कुत्ते का बच्चा वरना शेर का ।'' પોતાની ભયાનક દશા થવાની હોવા છતા એ જુવાનિયાએ પિતાને પોરસ ચઢાવ્યું. આ હાક સાંભળી અમરચંદ બાંઠીયા ફરીવાર મક્કમ બની ગયા. અંગ્રેજોની માંફી ના જ માંગી. (નજર સામે સગાં દીકરાનું માથું તોપના નાળચામાં નખાતું હોય એ દૃશ્ય કલ્પી શકો છો ? એનાથી આગળની કલ્પના નહીં શકો, એનાથી આગળનું દૃશ્ય નરક કરતાં ય ભયાનક હોય !)

૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ પછીની આ બીજી ફાંસી હતી. આ બીજો નરબંકો પણ જૈન હતો. લાલા હુકમચંદજી તથા અમરચંદ બાંઠીયાના વંશજો આજે પણ હયાત છે. ક્યારેક મોકો મળે તો એમને મળજો.

આ બે નરવીરોના પ્રેરક મહાપુરુષ કોણ હતા ? હવે એ વિચારીશું.

(Ref. By 1857 Freedom Fights of India - British Library)





બે ક્રાંતિવીરોના ગુરુ

બે બાળકો એક ગુરુભગવંત પાસે દીક્ષાની તાલીમ લેવા આવ્યા, આ બાળકો આવ્યા ત્યારે તપાગચ્છમાં આંગળીના વેઢે ગણાય એટલા સાધુ ભગવંતો હતા.

જો આ બે બાળકો દીક્ષા લે તો તપાગચ્છને યુવાન સાધુ મળે પરંતુ બે બાળકો જે ગુરુદેવની પાસે રહેવા આવ્યા હતા, તેઓએ બંનેની યોગ્યતા જુદી જ જોઈ.

કહ્યું કે "તમારા હાથે દેશસેવાનું મહાન કાર્ય થવાનું છે, માટે તમે દેશની સેવા કરો. જો દેશ સુરક્ષિત રહેશે તો આપણો ધર્મ પણ સલામત રહેશે " આટલું કહીને બન્નેને પાછા મોકલ્યા અને આ બે બાળકો એટલે આપણે આગળ જેની વાતો કરી તે લાલા હુકમચંદ જૈન અને અમરચંદ બાંઠીયા.

એ ગુરુભગવંત એટલે તપાગચ્છગગનમણિ સાંપ્રતકાલીન શ્રમણસંઘના મહાન સૂત્રધાર પૂ.પં.શ્રી મણિવિજયજી મ.સા. (દાદા)


વર્તમાન સમયમાં ૭૦ થી ૮૦ % સાધુઓ પૂ. દાદાની પરંપરામાં આવે છે.

લોકો કહે છે "જૈનો અને જૈનોના ગુરુઓ માત્ર પોતાનો સ્વાર્થ દેખે" ત્યારે આ પ્રસંગ કહેજો આ ઘટનાને માંડ ૧૫૦ વર્ષ થયા છે.

ધન્ય આ ગુરુદેવને અને આજ્ઞાપાલક શિષ્યોને.



જલિયાવાલાં બાગ કરતા પણ ભયાનક...



આજથી ૩૦૦-૪૦૦ વર્ષ પહેલાની વાત છે. સ્થળ ગોવા હતું. ત્યાં કુમુદ નામના રાજા હતા. રાજા પોતે ચુસ્ત શ્રાવક એટલે યથા રાજા તથા પ્રજા ન્યાયથી ગોવામાં ૨૫૦૦૦ જૈનો હતા !!! એ સમયે ૨૫-૩૦ જિનાલયોથી મંડિત એ ભૂમિ હતી.

ત્યાં ધર્મપ્રચાર માટે વિદેશથી એક પાદરી આવ્યા. રાજા કુમુદ ભોળા માણસ તરીકે પ્રસિદ્ધ હતા એટલે પાદરીએ રાજા સાથે મિત્રતા બાંધી. એકવાર તેણે રાજા કુમુદને પોતાનો ધર્મ અંગીકાર કરવા જણાવ્યું, પરંતુ રાજાએ સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી.

થોડા દિવસો બાદ એ પાદરીએ રાજા સામે વાત મૂકી કે હું જૈન ધર્મ અંગીકાર કરવા માંગુ છું, પરંતુ બધા જૈનોની હાજરીમાં. રાજા ભોળપણને લીધે અને વળી મિત્રતાના વિશ્વાસથી પાદરીનું કપટ ન સમજી શક્યા.

રાજા કુમુદે બધા જૈનોને એક મેદાનમાં ભેગા થવા કહ્યું. નિયત દિવસે બધા જૈનો એક મેદાનમાં ભેગા થયા એટલે પાદરીએ પોતાની પૂર્વ યોજના મુજબ પોર્ટુગલ સૈન્યની તોપો ચારેબાજુ ગોઠવાવી દીધી અને રાજાને ચેતવણી આપી કે 'તમે બધા અમારો ધર્મ અપનાવી લો નહીંતર મૃત્યુ માટે તૈયાર રહો'.

રાજાએ સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપ્યો, 'મરીશું પણ ધર્મ તો નહીં જ છોડીએ'.

ચારે બાજુથી તોપો ફુટવા લાગી. જોતજોતામાં ૨૫૦૦૦ લોકો મૃત્યુ પામ્યા. વાત અહીં પૂરી નથી થતી આટલા બધાં જૈનોની હત્યા પછી તે હત્યા કરનારને બિરદાવવામાં આવ્યા.

તે પાદરીને રોમના પોપે સેંટ (સંત)નું બિરૂદ આપ્યું. તે પાદરી એટલે "સેંટ ઝેવિયર્સ".

આજે આપણા બાળકોને આપણે આ નામની સ્કૂલોમાં મોકલીએ છીએ. જલિયાવાલાં બાગ કરતા પણ મોટો હત્યાકાંડ કરાવનારનું આ કેવું ભવ્ય બહુમાન ?

આપણને જલિયાવાલાં બાગ યાદ છે, પરંતુ ગોવાનો આ હત્યાકાંડ ??

એ સર્વ જિનાલયો ચર્ચમાં ફેરવાઈ ગયા એ વાતની જાણ ખરી ??

... અને રાધનપુર ભારતને મળ્યું



નવી-નવી આઝાદી હતી...

અખંડ ભારતની યોજના, વાટાઘાટો અને રસાકસી પૂરજોશમાં હતા.

કેટલાંય રજવાડાઓએ સામે ચાલીને દેશમાં ભળવાનું વચન આપેલું. કોઈકે સમજાવટ પછી.

કોઈક સ્વતંત્ર રહેવા માંગતા હતા અને કોઈક પાકીસ્તાનમાં ભળવા માંગતા હતા.

ઉત્તર ગુજરાતના રાધનપુર પર નવાબી શાસન હતું.

મુક્તિલાલ વિરવાડીયા નામના શ્રાવકે બે-ત્રણ જણને પરસ્પર વાતો કરતા સાંભળ્યા.

''यह गोडीजीवाले चार घर अपने है ।''

''यह तंबोलीवाले दो भी अपने, अब तो बस नवाब पाकिस्तान में जुड जाए उतने दिन ही इंतजार करना है ।''

ત્રીજા ભાઈ બોલ્યા, ''भाईजान, हम तो ये बनियों के घर ही नहीं, गहने, पैसे, औ... सब लुटेंगे ।''

વાત સાંભળનારો સજાગ હતો... એને સમજાયું કે આ માત્ર વાત નથી, આફતની નોબત છે. એ ગયો સંઘના અગ્રણી જીવતલાલ પ્રતાપશી પાસે. શેરીની વાતોથી શેઠને વાકેફ કર્યા. જીવતલાલ માત્ર પૈસાદાર નહોતા... પ્રજ્ઞાવાન હતા. એમણે ભવિષ્ય પારખ્યું ને ઉકેલના અંકોડા પણ ગોઠવ્યા.

વાત કરી સરદાર પટેલને. પણ એ દેશભક્ત માણસ ત્યારે હૈદરાબાદ, જૂનાગઢ વિગેરે રજવાડાઓના કાર્યમાં ચિંતિત હતા એટલે બહુ ધ્યાન ન દીધું. જીવનતલાલ પહોંચ્યા શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ પાસે. ચર્ચા થઈ. રાધનપુર સ્ટેટ પાકિસ્તાનમાં ભળે તો કેટલો પ્રદેશ ગુમાવવાનો આવે ? આવતીકાલે કચ્છનું શું થાય ? શંખેશ્વર જેવા તીર્થોની સ્થિતિ પાકિસ્તાનમાં ભળ્યા પછી કેવી થાય ? એ બધું આ બંને શ્રેષ્ઠીઓએ ગણી લીધું અને સરદાર વલ્લભભાઈ પર દબાણ કર્યું કે ગમે તે રીતે રાધનપુરના નવાબને અટકાવો. સરદાર પટેલની વિચક્ષણતા કામે લાગી ગઈ. ભારતને અખંડ રાખવા, કચ્છને બચાવવા રાધનપુર ભારતમાં ભેળવવું જ પડે એ વાત સરદારને સમજતા કેટલી વાર લાગે ? તેઓએ નવાબને સંદેશ મોકલ્યો. નવાબ ન માન્યા. છેવટે સરદાર સ્વયં આવ્યા રાધનપુર. વાત કરી, સમજાવ્યા. છેવટે કહ્યું, “જીવતલાલને ત્યાં જમી અડધો કલાકમાં આવું છું. ભારતમાં જોડોવાની સહી કરી આપશો તો સારું, નહીં તો પરિણામ સારું નહીં આવે.” સરદાર સામે બાથ ભીડવી ભારે હતી. અડધો કલાકમાં નવાબે સહી કરી આપી. તે દિવસે મુક્તિલાલ વિરવાડીયા , જીવતલાલ પ્રતાપશી, કસ્તૂરભાઈ લાલભાઈ જેવા જો જરાક ગાફેલમાં રહ્યા હોત તો ભારતનો એક વિશાળ પ્રદેશ આજે ક્યાં હોત ?

‘જય જય ગરવો ગિરનાર...’



'વંદે માતરમ્' નામનું સમાચારપત્ર...

એના તંત્રી હતા શામળદાસ શેઠ.

મુંબઈના કો'ક ઉપાશ્રયમાં સામાયિક કરતા'તા ને કાનમાં કોઈક બોલ્યું, 'શેઠ, ગિરનાર હવે પાકિસ્તાનનો થશે કારણ, જૂનાગઢનાં નવાબને ત્યાં ભળવું છે. પટેલ સાહેબ ખૂબ મહેનત કરે છે પણ પરિણામ દેખાતું નથી.' શેઠે કહ્યું, 'ભાઈ, સામાયિક પૂર્ણ થાય એટલે વાત કરીએ.'

સમય થયે આવનાર પાસેથી આખી વાત વિગતવાર સાંભળી. સાંભળતાં સાંભળતા જ શેઠની શૂરવીરતા ઉભરી આવી. મનોમન નિર્ણય કર્યો. કોઈ જાહેરાત, વાટાઘાટો કશું કર્યા વિના પહેલી ટ્રેન પકડીને પહોંચ્યા જૂનાગઢ. સાથે રાખેલી માત્ર બે તલવાર. ધોતીયામાં છુપાવેલી.

જૂનાગઢ સ્ટેશનેથી બહાર આવ્યા. હાથમાં બેય બાજુ ખુલ્લી તલવાર લીધી અને જાય ભાગ્યા. દોટ મૂકી નવાબના મહેલ તરફ... જૂનાગઢનાં રાજમાર્ગને ગજાવી મૂક્યો, 'કોને ભળવું છે પાકિસ્તાનમાં ? જેને ભળવું હોય તે પોતે ચાલ્યા જાય બાકી જૂનાગઢ તો અમારું રહેશે.' જેવા નારાઓથી આખું લોક જોતું રહી ગયું. ક્યાંકથી બીજા પણ થોડા જુવાનિયા ભેગા દોડ્યા ને પછી તો જાણે જુવાળ ઉમટ્યો. ચારે બાજુથી દરબાર, પટેલ, બ્રાહ્મણ, ભરવાડ સહુ જોડાતા ગયા... આગળ એક જૈન બચ્યો.

નવાબનાં મહેલે શામળદાસ પહોંચ્યા ત્યારે પાછળ એક હજાર તરવરીયા હતા. પડકાર ફેંક્યો નવાબને.

સરદાર પટેલના દબાણ પર આ નવો ભારે દબાવ પેદા થયો. નવાબ પ્રજાની રૂખ પારકી ગયા... પછીના થોડા સમયમાં સહી કરી આપી અખંડ ભારતને અને પોતે ભાગી ગયા પાકિસ્તાન.

સરદાર વલ્લભભાઈએ આ શામળદાસ શેઠનું બહુમાન કરેલું.

'જય જય ગરવો ગિરનાર...' ગવાય છે ને જયજયકાર થાય છે...

એ વેળા આવા સંઘપુત્રો શં ભુલાશે ?

પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની રાણી



મેંગલોર-કર્ણાટક આ નામ સાથે એક ખૂબ જ ઉજ્જવળ ઇતિહાસ જોડાયેલો છે.

ઈ.સ. ૧૫૨૫ માં ત્યાનાં રાજસિંહાસન ઉપર એક રાણી બેસી, નામ હતું અબક્કા ચોવટા (જૈન). ઈ.સ. ૧૫૨૫ થી ઈ.સ. ૧૫૭૦ એટલે ૪૫ વર્ષ સુધી રાજ કરનાર ઈતિહાસમાં આ એક જ જૈન રાણી હતી.

તેને ગાદી પર તેના કાકા તિરૂમલલાયે બેસાડી કારણ કે તે સમયે પોર્ટુગીઝો પોતાનું જોર તે તરફના વિસ્તારમાં વધારવા માંગતા હતા અને તેમને રોકવાની તાકાત આ એક જ વ્યક્તિમાં છે, તે જોઈ તેના કાકાએ ગાદી પર બેસાડી.

તેમના લગ્ન ઉલ્લાલ રાજ્યમાં રાજા લક્ષ્મણપ્પા સાથે થયા હતા. પરંતુ, રાજાને પોર્ટુગલો સાથે મીઠા સંબંધો હતા, એ વાતે અબક્કા દેવીને ખૂંચતું તેથી તે સમયે પતિથી અલગ થઈ પાછા પોતાના રાજ્યમાં આવી ગયા.

સાડા ચાર દાયકાની રાજ્યાવસ્થામાં પાછળનાં ચાર દાયકા તો પોર્ટુગીઝો સાથે લડવામાં વહી ગયા. તેમને હરાવવા બીજાપુર-ઝામોરીનનાં સુલતાન પણ મેદાને પડ્યા, પરંતુ કોઈ જીતી શક્યું નહીં.

તેમને તેમના જ પતિએ દગો આપીને પોર્ટુગીઝોના હાથે પકડાવ્યા. તો પણ તે જેલમાં રહીને લડતા રહ્યાં. છેવટે પતિ લક્ષ્મણપ્પાએ તેમને દગાથી મારી નાંખ્યા.

આજે પણ મેંગ્લોર આસપાસના ભીલો, આદિવાસીઓ તેમને "યક્ષાંગના"ના નામથી ઓળખે છે અને બીજું નામ છે રાણી અભયાદેવી.

ઝાંસીની રાણીએ કેટલા વર્ષો રાજ કર્યું ?, કેટલું લડ્યાં ? તે યાદ છે.

પરંતુ, લજ્જાસ્પદ વાત છે કે ભારતના ઈતિહાસમાં એક જૈન રાણીએ ૪૫ વર્ષ રાજ કર્યું અને ચાર દાયકામાં લગભગ ૬૦ જેટલા યુદ્ધો લડ્યાં તે આપણે ભૂલી ગયા છીએ. તેઓ ભારતનાં પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની મહિલા હતા.

કચ્છ-વાગડદેશોદ્ધારક



૧૯મી સદીનાં અંતિમ વર્ષોની વાત છે. કચ્છના માંડવી શહેરમાં ત્યારે રાજાશાહી શાસન હતું, અંગ્રેજોએ રાજાને પૈસાની લાલચ આપી માંડવી બંદર પોતાના હસ્તક કરવાની વાત કરી. નવાબના વજીરે વિચારવાનો સમય માંગ્યો.

બીજી બાજુ આ સમાચાર ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. પદ્મવિજયજી મહારાજને મળ્યા. તેમને તુરંત જ ઉપાશ્રયમાં રહેલા સેવકને બોલાવી કહ્યું “ભાઈ ! જલ્દી જા અને કાનજી શેઠને કે’જે ગુરુદેવ બોલાવે છે.” સેવક ઝડપથી ગયો.

કાનજી શેઠ તે સમયે ભાણે બેઠા હતા. પહેલો કોળીયો હાથમાં લીધો ત્યારે જ તે સેવકે આવીને સમાચાર આપ્યા “શેઠજી ! આપને ગુરુદેવશ્રી તત્કાલ બોલાવે છે.” શેઠે હાથમાં રહેલો કોળીયો નીચે મૂકી ઉપાશ્રય જવા પગ ઉપાડ્યા.

“કાનજી ! રાજા આ માંડવીનું બંદર અંગ્રેજોના હાથે સોંપવાનો છે એ વાત વજીરે કરી છે. તું કાંઈપણ કરીને તે અટકાવ, મને લાગે છે કે આ બંદર જો જશે તો ભવિષ્યમાં મોટો અનર્થ થશે.” પૂ. પદ્મવિજયજી મહારાજે કાનજી શેઠને કહ્યું.

“જી ગુરુદેવ ! આજ સાંજ સુધીમાં થઈ જશે.” કાનજી શેઠ આટલું કહી સીધા રાજાના મહેલ પર પહોંચ્યા. નવાબને મળવા માટે પહોંચ્યા. તુરંત જ બોલ્યા “રાજન ! બંદર અંગ્રેજોને આપવાની વાત છે એ સાચી છે ?” “હા, કેમ ?”

“કાંઈ નહીં જો આ બંદર જશે તો...”


“તો શું ? શું કરી લેશો તમે બે કોડીનાં વાણિયાઓ ?”

“કરીશું તો કાંઈ નહીં, મહાજનના એક બોલથી માંડવી ખાલી થઈ જશે. બોલો શું ઈચ્છા છે ?” શેઠના અવાજમાં મક્કમતા હતી.

રાજા ઢીલો પડી ગયો કહ્યું કે વિચારીને જણાવીશ. પાછળથી તેણે અંગ્રેજોને ના પાડી દીધી.

આજ કારણોસર પૂ. પદ્મવિજયજી મહારાજ સાહેબ કચ્છ-વાગડદેશોદ્ધારક કહેવાયા. એમને ધર્મ ફેલાવવાનું તો કાર્ય કર્યું પરંતુ ધર્મ બચાવવાનું પણ કર્યું. આવા ગુરુવરોની દીર્ઘદ્રષ્ટિને વંદન છે.

... અને અમદાવાદ બચી ગયું.



"બોલો કેટલા રૂપિયા જોઈએ છે. અમદાવાદ ન લૂંટવા માટે ? " ખુશાલચંદ શેઠે પુછ્યું.

"શેઠ ! વધુ તો નહીં પરંતુ છ લાખ રૂપિયા આપી દો એટલે વાત પૂરી." મરાઠા સેનાનાયકે પોતાના તરફથી એવી રકમ મૂકી કે બીજો કોઈ હોય તો ના પાડીને બેસી જાય.

વાત એમ હતી કે મરાઠા સૈનિકોને અંગ્રેજો તથા મોગલો બંને સાથે લડવા માટે રૂપિયાની જરૂર હતી અને કોઈ ખુલ્લંખુલ્લા મદદ કરી ના શકે માટે મરાઠાસૈન્યએ લૂંટનો માર્ગ સ્વીકાર કર્યો. લૂંટવાનું પહેલું સ્થાન અમદાવાદ !

અમદાવાદની બહાર મરાઠા સૈન્ય આવ્યાના સમાચાર મળતા જ અમદાવાદનાં નગરશેઠ ખુશાલચંદ ઝવેરી તુરંત જ સૈન્યના નાયકને મળવા ગયા અને અમદાવાદ ન લૂંટવા માટે મનાવ્યા, ત્યારે સેનાનાયકે એવી રકમ મૂકી કે જો સામાન્ય માણસ હોય તો વચ્ચેથી ખસી જાય અને પોતાની સુરક્ષા કરી લે, પરંતુ આ તો નગરશેઠ !

"ચોક્કસ કાલે તમને રૂપિયા મળી જશે, હવે અમદાવાદ લૂંટાવું ના જોઈએ" શેઠ મક્કમ અવાજે બોલી ચાલ્યા ગયા. મરાઠા સૈન્ય આખું વિચારમાં પડ્યું. "કેવો ગજબ માણસ છે. ! "

બીજા દિવસે ગાડા ને ગાડા ભરીને રકમ આવવા લાગી, પૂરા છ લાખ રૂપિયા અને મરાઠાસૈન્ય અમદાવાદ લૂંટ્યા વગર ગયું. મહાજનને આ વાતની ખબર પડી તેથી હિન્દુ-મુસ્લિમ સૌએ મળીને કર્યું કે હવેથી આપણે આ શેઠને દર ૧૦૦ રૂપિયે ૨૫ પૈસા ટેક્ષ આપવાનો એટલેકે ૦.૨૫ %. વર્ષો સુધી આ ટેક્ષ અપાતો રહ્યો. નગરશેઠના વંશવારસો સુધી આ રકમ આપવાનું અમદાવાદના હિન્દુ-મુસ્લિમ સૌએ મળીને કરેલું લખાણ આજે પણ ઉપલબ્ધ છે.

આવા શ્રેષ્ઠિઓના કારણે જ આપણે ઈતિહાસ ઉજળો છે.

... અને સૂરત લૂંટાયું



"મહારાજ ! ત્રણ-ચાર જણ મળવા માંગે છે. દેખાવ પરથી તો મોટા શેઠિયાઓ લાગે છે આવવા દઉં ?" દ્વારપાલે શિવાજીની રજા માંગી અને શિવાજીએ હા પાડી.

તુરંત જ અંદર બોલવવામાં આવ્યા, હવે ખંડમાં માત્ર આવેલા ચાર સજ્જનો અને શિવાજી હતા. શિવાજીએ વાત શરૂ કરી "બોલો ક્યાંથી પધારો છો આપ શ્રેષ્ઠિવર્યો ? "

શિવોબા ! સુરત બંદર અમારું સ્થાન છે. એક શેઠે જવાબ આપ્યો.

"આવવાનું પ્રયોજન ?" શિવાજીને ઉત્સુકતા જાગી.

"સુરત લૂંટવાનું આમંત્રણ આપવા" આ શબ્દો સાંભળી શિવાજી વિસ્મય પામ્યા.

"શું કીધું ?"

"હા મહારાજ ! સુરત લૂંટવાનું છે. કારણકે અમે બધા વાણિયાઓ-હિન્દુઓ અમારા ભગવાનને પૂજીએ એમાં પણ આ સુબાઓ કર નાખે છે, સાથે સાથે અંગ્રેજો પણ તેમાં સાથ આપે છે. હદ તો ત્યારે આવે કે અમારા ઘરની સ્ત્રીઓ ઉપર તેઓ નજર બગાડે છે અને કેટલીય યુવતીઓને જનાનખાનામાં નાખી દે છે એટલે જ."

શિવાજી બોલ્યા-પરંતુ મારી પાસે... વાક્ય પુરુ થાય એ પહેલા એક શેઠિયાએ કહ્યું "મહારાજ ! પૈસાની ચિંતા ના કરતા. અમારા ઘરોની બહાર ધનના કોથળા ભરેલા હશે, લઈ જજો પરંતુ કિલ્લાને આગ લગાડજો. જેથી પછીથી કોઈ મુસ્લિમ-અંગ્રેજ અહીં આવવાનો વિચાર સુદ્ધા ના કરી શકે અને અમે ત્યાનાં શાસકને અસુરક્ષાનાં કારણ હેઠળ એની ગાદી પરથી પછાડી દઈશું "

"વાહ વાણિયાઓ શું બુદ્ધિ છે તમારી ! ધર્મ-સંસ્કૃતિ બચાવવા માટે આ હદે જઈ શકો, તમે નિશ્ચિંત રહો. સુરતનાં લોકોને કહી દો શિવો આવે છે બચાવવા-લૂંટવા".

અને થોડા દિવસો બાદ સૂરત લુંટાયું, ના પરંતુ સૂરત લુંટાવ્યું. કોણે ? સૂરતનાં જ શ્રેષ્ઠીઓએ કારણ ? ધર્મ-સંસ્કૃતિરક્ષા.

શિવાજી લુંટારા ન હતા પરંતુ ધર્મ-સંસ્કૃતિરક્ષક હતા. આજની પેઢી ને જે ખોટું શીખવવામાં આવી રહ્યું છે, તેનાથી ચેતવા જેવું છે.

ધર્માંતર વિરુદ્ધ અભિયાન




સો એક વર્ષ પૂર્વની ઘટના છે.

ખ્રિસ્તી પાદરીઓ વટાળ પ્રવૃત્તિ માટે જાણીતા છે.

તે કાળે જૈન સંઘના અગ્રણી શ્રેષ્ઠીઓ જોડે એક પાદરીએ પરિચય કેળવ્યો. ધીમે ધીમે પરિચય ઘનિષ્ઠ થતાં શ્રેષ્ઠીઓના ઘરે પાદરીની અવર-જવર ચાલુ થઈ.

શેઠના દીકરા-દીકરીઓ વગેરે જોડે પણ સંપર્ક થવા માંડ્યો. આવા કાચી વયના છોકરા-છોકરીઓને ભેગા કરી પાદરી ખ્રિસ્તી ધર્મનો મહિમા અને અન્ય ધર્મોની નિંદા કરવા લાગ્યા.

ગરીબોની બેલી તો ઈશુ ભગવાન જ સાચા છે. કેમકે એ ગરીબીમાં જન્મેલા, જ્યારે તમારા બધા ભગવાન મહાવીર, રામ, કૃષ્ણ વગેરે રાજમહેલમાં જન્મેલા. ગરીબોના દુઃખોની એમને શું ખબર હોય ?

જૈન શ્રેષ્ઠીઓના મુગ્ધ નબીરાઓ આવી બધી બાબતોથી પ્રભાવિત થઈ ગયા.

પૂ. આત્મારામજી મ., આ. બુદ્ધિસાગરસૂરિજી જેવા મહાપુરુષોને આ વાતની ગંભીરતા સમજાઈ ગઈ.

આ. બુદ્ધિસાગરસૂરિ મ.ને તો એ પહેલાં પણ સુરતમાં એક પાદરી જોડે વાદ કરવાનો પ્રસંગ આવેલો. એક બે વર્ષના પર્યાયવાળા બુદ્ધિસાગરજીએ પાદરીને પરાજિત કરેલો. પૂ. મોહનલાલજી મ.ની પ્રેરણાથી 'ખ્રિસ્તી અને જૈનધર્મનો મુકાબલો' પુસ્તક પણ એમણે લખેલું.

આત્મારામજી અને બુદ્ધિસાગરસૂરિજીએ અમદાવાદમાં ખ્રિસ્તીઓની વટાણ પ્રવૃત્તિના અનિષ્ટને ડામવા ઝુંબેશ ઉપાડી. જૈનશાસનની મહાનતા અને અન્યોના સિદ્ધાંતની નબળાઈઓ ખુલ્લી પાડી. આર્યદેશના ધર્મ સામે અનાર્યદેશના ધર્મની તુલના કરી ગેરસમજો દૂર કરી. વીસેક યુવાનો ધર્માંતર કરવા તૈયાર થયેલા તે વાત અટકી ગઈ.

ગીતાર્થ ગુરુ ભગવંતો ધર્મ સામે આવતા આક્રમણો ખાળવા તત્પર હોય છે.

દુશ્મનની છાવણીમાં પ્રતિક્રમણ



"દંડનાયક ક્યાં ગયા ચાલુ યુદ્ધે ?" બે ત્રણ સૈનિકોનાં મનમાં આ સવાલ ઉભો થયો. બધે શોધખોળ ચાલુ થઈ ગઈ. ત્યાં સૂર્યાસ્ત થયો અને દંડનાયક આભૂ દુશ્મનની છાવણીમાં પ્રતિક્રમણ કરતા હતાં.

સમય કપરો હતો. ગુજરાત પર એક સાથે જૂનાગઢ, માળવા, કચ્છ, ભૃગુકચ્છ (ભરૂચ), મારવાડ, દિલ્હીથી આક્રમણ હતા, રાજા ભોળો ભીમદેવ સાચ્ચે ભોળો હતો. માટે રાણી રાજ કરતી હતી તેને પરિસ્થિતિ જોઈ ભૂતપૂર્વ દંડનાયક આભૂ વતન "માલાસણ"માં (આજે આ ગામ વાવ-થરાદની વચ્ચે આવેલું છે) રહેતા હતાં. ત્યારે માલાસણ થરાદનું પરું હતું. તરત જ તેમને બોલાવવા દૂતોને મોકલ્યા અને શેઠ પોતે તરત જ પાટણ આવ્યા.

શેઠે પરિસ્થિતિ જોઈ લીધી અને યુદ્ધનો દોર પોતાના હાથમાં રાખી યુદ્ધ શરૂ કરાવ્યું. પરંતુ પહેલા જ દિવસે શેઠ દુશ્મનની છાવણીમાં પ્રતિક્રમણ કરતા હતા. કારણ કે નિત્ય પ્રતિક્રમણ એમનો નિયમ હતો, માટે ત્યારે પ્રતિક્રમણ કરવા નજીકમાં નજીક દુશ્મન છાવણી જ હતી માટે ત્યાં જ છે. હાથી પરથી ઉતરી એકાંતમાં પ્રતિક્રમણ કર્યું. આ વાત રાણી સુધી પહોંચી એટલે તરત જ શેઠને બોલાવ્યા.

"શેઠ ! તમે લડવા આવ્યા છો, નહીં કે પ્રતિક્રમણ કરવા" મહારાણી ઉગ્ર હતા.

"રાણીબા ! ચિંતા ના કરતા ત્રણ દિવસ માત્ર ત્રણ દિવસમાં ગુજરાત પાછું અખંડ થશે, નહીંતર મારું મોઢું બતાવીશ નહીં." શેઠ આટલું કહી જતા રહ્યા.

દિવસ ઉગ્યો અને યુદ્ધ શરૂ થયું. પહેલાં જ દિવસે કચ્છ-જૂનાગઢ-મારવાડની સેના હારી ગઈ. બીજા દિવસે માળવા-ભરૂચ (ભૃગુકચ્છ) જીતાયું, ત્રીજે દિવસે દિલ્હી નું સૈન્ય ભાગી ગયું. યુદ્ધ જીતીને શેઠ રાણી પાસે આવ્યા.


"શેઠ કેવી રીતે થયું ? તમે તો પ્રતિક્રમણ કરતા માણસ છો."

"રાણીબા પ્રતિક્રમણ આત્મા માટે છે. યુદ્ધ દેશ માટે, સંસ્કૃતિ માટે"

"વાહ શેઠ ! શું તમારી વાતો."

અહિંસા પરમોધર્મ પરંતુ બધે નહીં. ધર્મ-સંસ્કૃતિ રક્ષા માટે હિંસા કરવી પડે તે પણ અહિંસા જ છે.

ગુજરાત રક્ષક



ગુજરાતના રાણા વીરધવલ ચિંતામાં હતા. તેમણે તુર્ત જ મંત્રીશ્વર સેનાપતિને બોલાવવા માટે દાસને કહ્યું.

મંત્રીશ્વર વસ્તુપાલ અને સેનાપતિ તેજપાલ બંને ભાઈ તરત જ આવી ગયા. બંને પણ ચિંતામાં હતા.

રાજાએ વાત કરી "વસ્તુપાલ, દિલ્હીથી સમાચાર છે કે બાદશાહ વિશાલ સેના લઈને ગુજરાતને રગદોળવા આવે છે. આ વાતથી ખૂબ ચિંતા થાય છે ?"

તેજપાલ "મહારાજાધિરાજ ! સમાચાર ચિંતાજનક છે, પરંતુ બાદશાહ પોતે નહીં, પરંતુ સૈન્ય જ છે અને હું વડીલબંધુ સાથેકાલ રાતથી આ વાતની ચર્ચા કરી રહ્યો છું. અમને પણ ચિંતા છે. પરંતુ..." તેજપાલ અટકી ગયો. રાજા : "બોલ તેજપાલ પરંતુ શું ?" રાજાએ ઉત્સાહથી પૂછ્યું.

તેજપાલે વસ્તુપાલ સામે જોયું. વસ્તુપાલે વાત આગળ ધપાવી "રાજન્ ! અમે વિચાર્યું છે કે બાદશાહને એમ લાગે ગુજરાત સૂવે (સૂતું) છે અને આપણે સેનાનો ખાતમો બોલાવી દઈએ."

રાજા "એટલે ???"

તેજપાલ, "એટલે અમે બે ભાઈઓ અહીંથી દેશૂરીની ખીણ જઈશું એ... ક..લા... કોઈ સેના... સાથ નહીં બસ ત્યાંના ભીલોના સંગાથે રહી લડી લઈશું."

રાજા : "પરંતુ કેવી રીતે મંત્રીશ્વર સેનાપતિ"

વસ્તુપાલ : "રાજન્ દિવાલોને પણ કાન હોય છે. માટે વાત કરતા કામ કરીને વતાવીશું આપ અનુજ્ઞા આપો."

રાજ : "તમન યોગ્ય લાગે તેમ કરો."

બન્ને ભાઈ જાય છે. તે સાંજ તેઓ દેશૂટી જવા નીકળ્યા. ત્યાં જઈ દેશૂટીની આસપાસના ભિલલ્લોને સમજાવ્યા અને લડવા માટે ઉત્સાહિત કર્યા. કુલ સંખ્યા ૧૫૦ + ૨ ભાઈ બસ આટલી જ સામે ૩,૦૦,૦૦૦ સૈનિકો હતા, પરંતુ ગુજરાતમાં ઘૂસવાનો આ રસ્તો ખૂબ મહત્ત્વનો હતો. દેશૂરીની પહેલા એક ખીણ રસ્તામાં આવતી હતી. બન્ને બાજુ પહાડો વચ્ચેથી માર્ગ પસાર થાય જે વસ્તુપાલે આક્રમણ માટે યોગ્ય જગ્યા ગણાવી હતી.



સૈનિકોએ ખાડીમાં ઘૂસ્યા અને આગળ પાછળથી વસ્તુપાલ-તેજપાલની સેનાએ કંધી નાખ્યા. ઉપરથી પણ ભીલો તીરો વરસાવતા હતા.

ભૌગોલિક સ્થિતિ એવી હતી કે સેના નીચે અને ઓથચિમાં ભીલો થોડા કલાક બાદ ૩,૦૦,૦૦૦ સૈનિકોના માથા ઢળી પડ્યા.

બાદશાહને લાગ્યું “ગુજરાત અજેય છે. હવે ક્યારેય છંછેડવું નહીં.”

જિનશાસનમાં હિંસા વર્જ્ય બતાવી છે.

આપણા પ્રભુના શાસનની અહિંસા નિર્દોષ જીવ માટે છે. પણ સંસ્કૃતિની રક્ષા કરવા પ્રસંગે આચાર્યોએ પણ શાસ્ત્ર હાથમાં લીધા.

જિનશાસનની અહિંસા કાયરોની અહિંસા નથી, પ્રભુ મહાવીરની ખરી અહિંસા શોધીને જગતની નજર સામે લડવાનો અવસર છે.



વિક્રમાદિત્ય "હૈમુ"

"હેમરાજ !... હેમરાજ... આ હુમાયુ કત્લેઆમ કરી રહ્યો છે... લોકોને બેરહેમીથી મારી રહ્યો છે. કાંઈ તો કર હજી કેટલી વાર છે ?"

શેરખાને હાંફતા હાંફતા કીધું.

હેમરાજ બંગાલનો જૈન શ્રાવક હતો. તે નાનો હતો ત્યારથી ગજવિદ્યામાં કુશળ કહેવાતો તે . તે પોતાનો હાથી પર બેઠો હોય ત્યારે લોકો બોલતા "ભાઈ ! હેમરાજ તો લોખંડના કિલ્લામાં બેઠો બેઠો અર્જુન કર્ણની યાદ અપાવે તેવી તીરંદાજી કરે છે."


હેમરાજ અને શેરખાન ખાસ મિત્રો હતા. હેમરાજે હળવેથી કહ્યું "બસ થોડીવાર છે. દોસ્ત પછી નિશ્ચે આપણો ઉદય છે."

થોડા સમય બાદ બેઉ મિત્રોએ ભેગા મળી દિલ્હીના તખ્તા પર આક્રમણ કર્યું. તેમાં હુમાયુ મરાયો અને અકબરને લઈ તેના મામા બિસમિલ્લાખાં ભાગી ગયો અને હેમરાજ દિલ્હીની ગાદી પર પૃથ્વીરાજ ચૌહાણ પછી સૌ પ્રથમ અને અંતિમ હિન્દુ-જૈન રાજા હતો. તેને પ્રજાના ઉપકારના ઘણા કાર્યો કર્યા. મુખ્ય નહેર (કેનાલ) વ્યવસ્થા સૌ પ્રથમ તેને લાવી હતી. બીજા તો ઘણાં કાર્યો કર્યા હતા.

તે પાંચ વર્ષ સુધી રાજા રહ્યો. તેમાં ૨૨ યુદ્ધો લડ્યો. ત્રેવીશમાં યુદ્ધમાં બિસમિલ્લાખાંએ દગાથી મારી નાખ્યો. અને અકબર ગાદી પર આવ્યો.

ઈતિહાસના પાના પર હેમરાજને **"વિક્રમાદિત્ય હૈમુ"** તરીકે ઓળખાવ્યો છે.

આપણા હાથ નીચે કેટલાંક રાજપાટો હતા પરંતુ આપણે આપણી વાત ભૂલવામાં ઉત્સાદ છીએ. ઈતિહાસને વાંચો જાણો.


મરજીવાઓ

ત્રાવણકોરના મહારાજા ઉપર બ્રિટીશ રેસિડેંટ મેકાલે પત્ર લખ્યો કે - મેથ્યુ થરકન સામેના આક્ષેપો પાછા ખેંચો. મહારાજ બલરાજ વર્માએ પત્ર પોતાના જૈન દીવાન વેલુ થંપીને આપ્યો.

દીવાન કહે : મેથ્યુ થરકને ટેક્ષની ચોરી રી છે. એ ખ્રીસ્તી છે એટલે બ્રિટીશ સરકાર એને છોડવાનો હુમક કરે તે અન્યાયી છે. આપણે આ પત્રને ફાડી નાંખો. આપણે લડી લઈશું.

અને દીવન વેલુ થંપીએ સૈન્ય તૈયાર કર્યું. બ્રિટીશ સૈન્યની હીલચાલ જાણવા જાસુસો રવાના કર્યા. જાસુસોએ કહ્યું, બ્રિટીશ સૈન્ય ચોવીસ કલાકમાં આવી પહોંચશે.

દીવાને જોયું કે - લડવા માટેની પૂર્વ તૈયારી માટે અઠવાડિયું જોઈશે. એ માટે કળ નહીં તો છળનો પ્રયોગ કરીએ. એણે પત્ર લખ્યો, અમે તમારા શરણે છીએ. તમારા સૂચન મુજબ મેથ્યુ ઉપરન આરોપો પાછા ખેંચી લઈએ છીએ. પત્ર મળતાં બ્રિટીશ સૈન્યની આગેકૂચ અટકી ગઈ. દીવાનને તૈયારીનો સમય મળી ગયો.

ઈ.સ. ૧૮૦૮ની ૨૮મી ડિસેમ્બરની રાત્રે ગોરાઓ નાતાલની ઉજવણીમાં ડૂબેલા હતા ને દીવાન વેલુ થંપીએ હુમલો કરી દીધો. કોચીનની ઈસ્ટ ઈંડિયા કંપનીના મથકે ઘમસાણ યુદ્ધ થયું. મેકાલે નાસી ગયો.

પણ બ્રિટીશરો પાસે તોપો હતી. એની સામે ત્રાવણકોરનું સૈન્ય ટકી ન શક્યું.

દીવાન વેલુથંપી પીછેહઠ કરી રાજા પાસે પહોંચ્યો. 'મહારાજ, બધો દોષનો ટોપલો મારા પર ઢોળીને તમે ગોરાઓ જોડે સંધી કરી લો. હું ભાગી જાઉં છું.'

વેલુ થંપી એના વતન મજાડી પહોંચ્યો. નાના ભાઈ પદ્મનાભનને કહ્યું, ગોરાઓ આવે તો મારું માથુ કાપી નાંખજે, મારે જીવતા પકડાવું નથી.

થોડીવારમાં ગોરા સૈનિકોના અવાજો આવવા માંડ્યા. પદ્મનાભને મોટા ભાઈની ઈચ્છા પૂરી કરી અને પોતે પણ શહીદ થઈ ગયો.

ગોરાઓની સામે દેશના હિત માટે લડનારાઓ ઘણાં નિકળ્યા.

આજે સંસ્કૃતિ રક્ષા માટે મરજીવાઓનો દુષ્કાળ પ્રવર્તે છે.



Bank of Bombay
નું ઉઠમણું



નામ એમનું પ્રેમચંદ રાયચંદ ઝવેરી એટલે કે “રાજાબાઈ ટાવર”-મુંબઈની આગવી ઓળખ તરીકે ઓળખાતો આ ટાવર બંધાવનાર વ્યક્તિ.

આ વ્યક્તિએ મુંબઈને એ સમયની સૌથી મોટી ગણાતી બેંક એટલે Bank of Bombay નું ઉઠામણું કરાવ્યું અને જેવું તેવું નહીં, પરંતુ પૂરા ૨૫,૦૦,૦૦૦ ઈ.સ. ૧૮૬૯, ૨ ઓક્ટોબર, ગાંધીજીના જન્મ દિવસે.


વાત એવી હતી કે ત્યારે આ બેંક અંગ્રેજોના હાથમાં હતી અને નાના-નાના માણસોને પરાણે લોન આપતી.

લોન પરત ન કરે એટલે ધર્માંતર કરાવી દે. આ ઘટના શેઠના ધ્યાનમાં આવી. એટલે શેઠે પોતાના થોડા હીરા ગીરો મૂકીને લોન લીધી અને બેંકની લોન ન ચૂકતે કરી. આ બાજુ એમને આપેલા હિરાની કિંમત હજારોની જ હતા.

શેઠની આ હરકત પાછળ અંગ્રેજો દ્વારા થતા ધર્માંતરનો વિરોધ અને જેમ બને તેમ અંગ્રેજોની જોહુકમી તોડવામાં મુંબઈના આ ઝવેરી શેઠ ખૂબ આગળ હતા.



“આ વાણિયો શું કરી લેશે તે જો જો”



વાત. મોતીશા શેઠની છે, જેમણે કુંતાસરની ખીણ પુરી ગિરિરાજ ઉપર મોતીશા ટૂંક બંધાવી. સાથે એક કડી પ્રસિદ્ધ બની ગઈ.

"લાવે લાવે મોતીશા શેઠ,

ન્હવણ જલ લાવે, ।

ન્હવરાવે મરૂદેવાનંદ,

પ્રભુને નવરાવે ॥"

આ મોતીશા શેઠ અંગ્રેજોના વિરોધી. તે સમયે મહારાષ્ટ્રમાં મરાઠા સરકાર હતી અને શેઠ તેમને સહાય કરતા રહેતા. આ વાત અંગ્રેજોને ખુંચતી. એટલે એકવાર શેઠનું વહાણ દરિયામાં અંગ્રેજોએ લૂંટાવ્યું. શેઠને ખબર પડી એટલે ગયા અંગ્રેજ સાહેબ પાસે. "સાહેબ ! મારું વહાણ તમે લુંટાવ્યું છે એનો દંડ ભરો." મોતીશાએ દૃઢ અવાજે કહ્યું.

"નહીં ભરીએ તમે તમારા વહાણ પર અમારી સુરક્ષાનો ઉપયોગ કરો તો નહીં લૂંટાય, બાકી લૂંટાતા રહેશે."

"તો તમે પણ યાદ રાખજો વાણિયો શું કરી શકે તે જો જો" શેઠ મક્કમ રીતે બોલી જતા રહ્યા.

શેઠની દરિયાઈ સવારીમાં હવે મરાઠા સૈન્યનું સુરક્ષા કવચ હતું અને એ સૈન્યએ અંગ્રેજોને ૮ વખત દરિયાઈ યુદ્ધમાં હરાવ્યા અને ૧૨-૧૩ જહજો પોતાના કરી મરાઠા સૈન્યને ભેટ આપ્યા.

સમય આવે દેશ-સંસ્કૃતિ માટે લડવું એ મહાવીરની અહિંસાનો એક ભાગ છે.

નગરશેઠના ઘરની યુવતી...



પ્રેમચંદ જૈન નામ અજાણ્યું છે, પરંતુ દેશની આઝાદીમાં મોટો ફાળો નોંધાવનાર વ્યક્તિ છે.

પહેલા વિશ્વયુદ્ધની અંદર થયેલી ભારતીય સૈનિકોની હાલતનો ચિતાર સાંભળી તેઓ ઈ.સ. ૧૯૩૫માં લોકોને સૈન્યમાં ન જોડાવાની ભલામણ કરતા રહેતા.

જાહેર ભાષણોમાં અંગ્રેજ સૈન્યમાં થતા ભારતીય સૈનિકો પરના અત્યાચારો ઉજાગર કરતા હતા અને તે વાત જણાવી લોકોને ગોરાઓના સૈન્યમાં જોડાતા રોકતા હતા. અને સુભાષચંદ્ર બોઝની **"આઝાદ હિંદ ફોજ"**માં જોડાવા ભલામણ કરતા.

સુભાષબાબુ કહેતા કે, "આજે જે સેના છે આઝાદ હિંદની તેમાં મોટો ફાળો "પ્રેમચંદ જૈન"નો જ છે. અને ફોજ તેમનો ઉપકાર ક્યારેય નહીં ભૂલે."

પ્રેમચંદ જૈનના કહેવાથી અમદાવાદના નગરશેઠના ઘરની યુવતી પણ આઝાદ હિંદ ફોજની **"રાણી લક્ષ્મીબાઈ રેજીમેન્ટ"**માં જોડાઈ અને તે અમદાવાદી યુવતીની પોસ્ટ રેજીમેન્ટમાં દાખલ થનાર મહિલાઓને ટ્રેનીંગ આપવાની હતી.

રેજીમેન્ટના મુખ્ય લક્ષ્મીઅપ્પાના હાથ નીચે રહેલી આખી રેજીમેન્ટને પાવરફુલ બનાવવાનું કામ નગરશેઠ પરિવારની આ યુવતીએ કર્યું.

ભારતની આઝાદીમાં સક્રિય ફાળો નોંધાવનારા, જેલમાં જવાવાળા ફાંસીએ ચડવાવાળા જૈનોના નામ આશરે ૪૫૦+ છે. તે જોવા એક પુસ્તક જરૂર વાંચશો. "સ્વાતંત્ર્ય સંગ્રામ મેં જૈનો".



વીરોની ભૂમિ-કચ્છ

અકબરનું રાજ આખા ભારતમાં હતું પણ તેમાં અપવાદ હતા મેવાડ અને કચ્છ બેઉં આંખના કણિયાની જેમ અકબરને ખૂંચતા હતાં.

એકવાર સેનાપતિ બુલંદખંડને કચ્છ જીતવા મોકલ્યો. આ સમાચાર દેવકરણ શેઠને મળ્યા. તેઓ તરત જ રા'દેશલને મળવા ગયા. રા' એ કહ્યું "આજથી કચ્છ પ્રજાનું છે. ખજાનો દેવકરણ શેઠને જેમ વાપરવો હોય તેમ વાપરી શકે છે. સેનાના નાયક પણ દેવકરણ શેઠ છે."

આ સમાચાર કચ્છમાં ફરી વળ્યા. દેવકરણ શેઠની હાંક સાંભળીને કચ્છના યુવાનો પણ સેના સાથે લડવા તૈયાર થયા. શેઠે દુશ્મન સેનાની ગુપ્તવાતો જાણી કળ, બળ અને છળથી બુલંદખંડની સેનાને મારી ભગાડી.

અકબરને લાગ્યું "કચ્છ અને મેવાડને છંછેડવામાં મજા નથી."

કચ્છની સ્વાધીનતા ટકી રહી, તેમાં દેવકરણ શેઠની કળ-બળ-છળની નીતિ એ મહત્ત્વનો ભાગ ભજવ્યો.



શું સુભાષ બાબુ જીવતા હતાં ?

જાપાનથી નીકળેલું એક પ્લેન રસ્તામાં ક્રેશ થઈ ગયું. તેમાં કોઈક વિશિષ્ટ વ્યક્તિ પણ હતા, નામ હતું "સુભાષચંદ્ર બોઝ". એટલે કે સુભાષબાબુ અને તેઓ મૃત્યુ પામ્યા. આટલી વાત આપણે જાણીએ છીએ, પરંતુ વાત સદંતર ખોટી જ છે !!!

કલકત્તાના વિશાલરાય જૈનના ઘરે કોઈક મહેમાન લાંબાગાળાના રોકાણ માટે આવ્યા હતા અને તેમને જૈન ધર્મ વિષે ખબર ન હોતી, પરંતુ વિશાલરાજે તેમને જૈન ધર્મ શીખવાડ્યો અને રોજ પૂજા કરવા જવા પ્રેરણા કરી. મહેમાન હંમેશા પોતાનો મૂળ ચહેરો છુપાડી રાખતા હતા. કારણ કે તે મહેમાન એટલે જ "સુભાષબાબુ".

જાપાનથી નીકળેલા પ્લેનમાં તેઓ બેઠા જ નહોતા અને તેઓ બચી ગયા. કારણ કે તેમને આગોતરી બાતમી મળી ગઈ હતી કે અંગ્રેજો તથા કહેવાતા "ભારતવાદીઓ" તેમને મારી નાંખવા માંગે છે. એટલે તરત જ પોતાના બાળપણના મિત્ર વિશાલરાય એટલે કે વિશાલબાબુને સમાચાર પહોંચાડી દરીયાઈ માર્ગે કલકત્તા આવી તેઓ છુપા વેષે રહેવા લાગ્યા.

આની સત્યતા શું તે સવાલ સ્વાભાવિક રીતે આપણા મનમાં ઊઠે તે સામે બીજા કેટલાક સવાલો હું મૂકું.

- સુભાષબાબુના પ્લેન ક્રેશ થયા પછી પણ તેમના ઘર પર કેમ પોલીસોની ફોજો રહેતી હતી ?

- અંગ્રેજો તો બરાબર પરંતુ નહેરું સરકારપણ તેમને કલકત્તામાં શોધવા માટે કેમ મથતી હતી ?


- તેમના કેટલાક દસ્તાવેજો સરકારે (નહેરુ) કેમ નાશ કરી દીધા ?

- વિશાલરાય ઉપર અંગ્રેજ તથા નહેરુ સરકારે કેમ અત્યાચારો ગુજાર્યા ?

આ સવાલોનો જવાબ ક્યારેય કોઈ આપવાનું નથી, કલકત્તાના કેટલાક જ વૃદ્ધ પુરુષો આપી શકશે.

સુભાષ બાબુને બચાવનાર વિશાલબાબુનો આભાર માનવો રહ્યો કારણ કે સુભાષબાબુને જીવતા રાખવા પોતે કેટલાય અત્યારો સહન કર્યા તે આગળ જોઈશું.

દેશસેવા અને જેલ ?



સ્થળ "કલકત્તા જેલ !"

"નામ ?" "વિશાલરાય જૈન"

"ઉંમર ?" "૫૮"

"ગુનો ?" "દેશસેવા"

જેલર જવાબ સાંભળી ચોંક્યો. દેશસેવા અને જેલ ??

"શેઠ સાચું બોલો ગુનો શું કર્યો છે ?" "દેશસેવા જ" શેઠે મક્કમતાથી કહ્યું.

"મોઢા પરથી લાગતું નથી દેશસેવા કરી હોય કોઈક તો ગુનો હશે જ." જેલરે કડક અવાજે કહ્યું.

"મને પણ મોઢા પરથી તમે જેલર નથી લાતા પણ ચોર લાગો છો" શેઠના શબ્દોમાં તિરસ્કાર હતો.

"અરે ! વાણિયા ચોર તો તું જ હશે એમ પણ વાણિયાઓ ચોર જ હોય છે." જેલર ગુસ્સાથી ભરાઈ ગયો હતો.

"સાહેબ...! મોઢું સંભાળીને વાત કરજો ચોર વાણિયા ક્યારે નથી થયા અને થવાના પણ નથી.

નહેરૂને કહી દેજો કે જે ચોરીના ગુના હેઠળ સજા કરી છે તે ચોરી પૂરતી સજા પણ આ વાણિયો સહન કરવા તૈયાર નથી અને રહી વાત મોઢા પરથી નક્કી કરવાવાળા તમે કોણ કે આ ચોર, શાહુકાર. મને પણ તારો નહેરૂ વ્યભિચારી લાગે છે અને પાછો છેપણ ખરી માઉન્ટબેટનની પત્ની એડવીના સાથેની રંગલીલા બધા જાણે છે. બીજી વાર ભૂલ ના કરતો ચોર કહેવાની. "

શેઠનું લોહી ઊકળી ગયું અને જેલર પણ વાત સાંભળી હેબતાઈ ગયો." જેલરને ખબર હતી કે ગુનો સુભાષબાબુને ઘરમાં સંતાડવાનો હતો ! પરંતુ આ વાતથી દેશમાં ભારે ઉહાપોહ થાય એટલે નહેરૂએ દાણચોરીના ગુણા હેઠળ શેઠને અંદર કર્યા હતા.

થોડા દિવસ બાદ શેઠને કશેક લઈ ગયા, પરંતુ ત્યાંથી શેઠ પરત આવ્યા નહીં. કારણ કે જે માણસ આટલીઅંદરની વાતો જાણતો હોય તેને દુનિયાથી દૂર કરવો જ પડે, એવું માની શેઠને ગાયબ કરવામાં આવ્યા અને લોકો તેમને શોધતા રહ્યા પરંતુ શેઠ ના જ મળ્યા સરકાર સાથે વાતો કરી તો શેઠને ભાગેડુ કહી દીધા. શેઠનું શું થયું ખબર નહીં, પરંતુ કાંઈક તો થયું જ હતું.

આ પુસ્તક ઉપર આપનો અભિપ્રાય જણાવવા કૃપા કરશો.

મુનિ કૈવલ્યયોગવિજય મ.

C/o. Nirav Doshi
D-303, Vasudarshan Residency
Opp. Omkarsuri aaradhna Bhavan
Pal, Adajan, Surat-395009. M. 799723061

સંઘ એકતાના શિલ્પી

વિ.સં. ૧૯૭૯ - ૨૦૭૯

જન્મતિથિ આસો સુદ-૧૩

જન્મ શતાબ્દી વર્ષ